BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# શિયાળાની તૈયારીઓ માટે સિટી ઓફ બ્રૅમ્પટન લેશે વધારાના પગલાં

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (10 નવેમ્બર 2023) – જ્યારે શિયાળો ઉંબરે પહોંચવાની તૈયારીમાં છે ત્યારે સિટી ઓફ બ્રૅમ્પટને પોતાના વાહનોની ફ્લીટ અનેસાધનો તૈયાર કરી લીધા છે અને આ સિઝનમાં લોકો સલામત રહે તે માટે તાજેતરમાં જ વધારેલા પગલાં રજૂ કર્યા છે.

**સ્નો-સફાઈની નાણાકીય સહાયનો વિસ્તાર**

વરિષ્ઠો અને પંગુતા ધરાવતા લોકો સાઈડવોક અને ડ્રાઈવવેમાંથી સ્નો દૂર કરવા માટે માણસ રોકવાના ખર્ચને પહોંચી વળી શકે તે માટે સિટી ઓફ બ્રૅમ્પટન તેમનો નાણાકીય સહાય પ્રોગ્રામનો વિસ્તાર કરી રહ્યા છે. આ વર્ષથી જેઓ લોકો ભાડેથી ઘર લઈને રહેતા હોય તેઓ પણ આ પ્રોગ્રામમાં અરજી કરી શકશે. પાત્રતા ધરાવતા અરજદારોને બિન-ખુણાના લૉટવાળી મિલકતોમાં $300 અને ખુણાવાળા લૉટની મિલકતોમાં $400 જેટલું અનુદાન પ્રાપ્ત કરી શકશે.

પાત્રતા ધરાવતા ઉમેદવારો અહીંથી વધુ જાણકારી મેળવી શકશે અને અરજી કરી શકશે: સિટી ઓફ બ્રૅમ્પટન | માર્ગો અને યાતાયાત | સ્નો સફાઈ માટે નાણાકીય સહાય.

**પ્રતિકૂળ હવામાન હોય ત્યારે માર્ગો સલામત અને ઉપયોગી થાય તે બાબતે**

માર્ગો પર પાર્કિંગ કરી શકાશે નહીં અને વિન્ટર વેધરની ઘટનાઓમાં તે અમલી બનાવવામાં આવશે. મહેરબાની કરીને વાહનો ખસેડી લેશો જેથી પ્લોઝ (plows), સોલ્ટર્સ (નમક છાંટતા વાહન) અને ઈમર્જન્સી વાહનો સુરક્ષિત રીતે પસાર થઈ શકે.

પાર્કિંગના દંડમાં ફેરફારો

માર્ગો પર પાર્ક કરેલા વાહનોથી વાવાઝોડાની ઘટનાઓ વખતે સિટીની અસરકારક રીતે પ્લો કરવાની અને સ્નો દૂર કરવાની કામગીરીમાં રૂકાવટ થાય છે. સિટી ઓફ બ્રૅમ્પટને તેમના વહીવટી નાણાં વિષયક દંડ પ્રણાલી [Administrative Monetary Penalty System] (AMPS) બાય-લૉ 333-2013, માં સુધારા કર્યા છે જેથી સ્નો દૂર કરવાની અને/અથવા શિયાળામાં જાળવણીની કામગીરીમાં ખલેલ પહોંચાડતા વાહનો માટેની નિયત દંડની રકમમાં વધારો થઈ શકે.

- પ્રથમ ગુનો: $125
- બીજો ગુનો: $250
- અનુગામી ગુના: $500

ટો કરવાની પ્રક્રિયામાં વધારો

હાલમાં, બાય-લૉ એન્ફોર્સમેન્ટ ઓફિસરો સ્નો દૂર કરવાની પ્રક્રિયામાં ખલેલ પહોંચાડતા વાહનોની તપાસ કરે છે, દંડની નોટીસો ફટકારે, અને જરૂર પડે ત્યારે ગેરકાયદેસર રીતે પાર્ક કરેલા વાહનોને ટો કરવાની વ્યવસ્થા કરે છે. 2023-24 શુયાળાની ઋતુ માટે નવું તે છે કે સિટી પ્લો કરવાની પ્રક્રિયા કરતા પહેલા માર્ગોના નિરીક્ષણ માટે કર્મચારીઓ રોકશે અને જરૂર હોય તો ગેરકાયદેસર રીતે પાર્ક કરેલા વાહનોને ટો કરવાની વ્યવસ્થા કરશે જેથી ટો કરવાની પ્રક્રિયાના અમલીકરણમાં સુધારો થઈ શકે.

**બ્રૅમ્પટનનું સ્નો પ્લો ટ્રૅકર**

www.brampton.ca/snow પર કે 311 મોબાઈલ ઍપ પર રહેલ પ્લો ટ્રૅકરનો ઉપયોગ કરીને રહીશો હવે જોઇ શકશે કે સિટીના કયા માર્ગો અને ફુટપાથો ટુકડીઓ દ્વારા સાફ કરવામાં આવી ચુક્યા છે! આ ટૂલનો ઉપયોગ કરીને, રહેવાસીઓ સ્નો મેન્ટેનન્સની પ્રગતિ, માર્ગો અંગેની પ્રાથમિકતાઓ અને જો તેમની નજીક પ્લો (plow) હોય તો તે ચકાસી શકે છે જેથી તેઓ તેમના વાહનોને રસ્તાથી દૂર ખસેડી શકે. સેવાની વિનંતીઓ પણ સબમિટ કરી શકાશે.

**હકિકતોનો ટૂંકસાર**

પ્રત્યેક વર્ષે સિટી નીચે આપેલ વિગતો કરતા પણ વધુ શિયાળુ સ્નો સફાઇ અને શિયાળુ જાળવણી કરે છે:

- 4,120 લેન કિલોમીટર માર્ગો
- 1,015 કિલોમીટર ફુટપાથ જે સિટીનીની માલિકીની મિલકતોની આગળ હોય;
- 2,556 ટ્રાન્ઝિટ સ્ટોપ્સ
- 217 કિલોમીટર રિક્રિએશન ટ્રેઇલ્સ
- 191 સ્કૂલ ક્રોસિંગ સ્થળો, અને
- 86 સિટી દ્વારા અપાયેલ પાર્કિંગ લૉટની સવલતો

શિયાળામાં હવામાનને લગતી ઘટનામાં ટૂકડીઓ એવા માર્ગો પર પ્લો ચલાવે છે જ્યારે ત્યાં પાંચ સેંટીમીટર સ્નો ભેગો થયો હોય. સિટી એવા મહત્ત્વના રોડવે સાફ કરવામાં અગ્રિમતા આપે છે જેમાં વાહનોની યાતાયાતનું મહત્તમ પ્રમાણ હોય જેથી માર્ગ સલામતી મહત્તમ થઈ શકે અને પછીથી અન્ય સ્થાનિક માર્ગો પર કામ કરે છે.

કટોકટીની સ્થિતિમાં, રહીશોને પ્રોત્સાહિત કરવામાં આવે છે કે તેઓ સેફ્ટી કિટની મદદથી પોતની અને પોતાના પરિવારોની સંભાળ ઓછામાં ઓછા 72 કલાક સુધી રાખવાની તૈયારી રાખે.

ખંતપૂર્વક કાર્ય કરતી સમર્પિત ટીમ તેમજ નવા પગલાં લઈને બ્રૅમ્પટન તૈયાર છે કે તે માર્ગો, ફુટપાથ, ટ્રાન્ઝિટ સ્ટોપ્સ, રિક્રિએશનલ ટ્રેઇલ્સ અને શાળાના ચાર રસ્તાઓ સુનિશ્ચિતપણે સુગમ અને સલામત રહે જ્યારે સ્નો (હિમ) અને બરફ હોય.

**લિંક:**

- સિટી ઓફ બ્રૅમ્પટન | માર્ગો અને યાતાયાત | સ્નો સફાઇ માટે નાણાકીય સહાય.

**BRAMPTON** **Media Release**

**સુવાક્યો**

"સિટી ઓફ્ બ્રૅમ્પટન ટીમ દિવસ રાત કાર્ય કરી રહી છે જેથી સુનિશ્ચિત કરી શકાય કે અમે આ શિયાળામાં અમારા સિટીન માલિકીના માર્ગો, પાથવે, ચાર રસ્તા, પાર્કિંગ લૉટ્સ અને રિક્રિએશનલ ટ્રેઇલ્સ સુરક્ષિત અને સુગમ રાખીએ. અમે એક સંપૂર્ણ પ્રતિભાવ યોજના વિચારપૂર્વક તૈયાર કરી રાખી છે જેથી સુનિશ્ચિત કરી શકાય કે આપણા શહેરમાં આ ઋતુમાં કટોકટી અને ટ્રાન્ઝિટ વાહનો સલામત રીત્તે ચાલી શકે. અમે જાણીએ છીએ કે શિયાળું સતર્કતા એક સહિયારો પ્રયાસ છે અને તમારા સહુના સહકાર સાથે અમે આ સિઝન તમામલોકો માટે સુરક્ષિત બનાવી શકીશું.

- *પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ્ બ્રૅમ્પટન*

"અમારી ટીમના સ્નો સફાઇના પ્રયાસોની સિટી ઓફ્ બ્રૅમ્પટનમાં થતા સૌથી મોટામાં મોટા ઓપરેશન તરીકે ગણના થાય છે. દર વર્ષે, અમે તમામ રહીશો માટે શિયાળાની ઋતુ સુરક્ષિત રહે તે સુનિશ્ચિત કરવા માટે ફરીથી પ્રતિબદ્ધ છીએ, તેથી જ અમે આ વર્ષે વિસ્તૃત પગલાં રજૂ કરી રહ્યા છીએ જેમ કે સ્નો દૂર કરવાની સહાયમાં વધારો અને સ્નો સાફ કરવાની કામગીરી ચાલી રહી હોય ત્યારે માર્ગોને પાર્ક કરેલી કારથી મુક્ત રાખવા માટેના મજબૂત પ્રયાસો. જેમ જેમ અમે તમારા માટે માર્ગ મોકળો કરીએ છીએ, તેમ તેમ અમે ઇચ્છીએ છીએ કે દરેક નાગરિક ફૂટપાથ પર પાવડો ફેરવવામાં, પાર્ક કરેલી કારને રસ્તા પરથી ખસેડવા, પડોશીઓની તપાસ કરવામાં અને સાવચેતીપૂર્વક વાહન ચલાવવામાં પોતાનો ભાગ ભજવે. આપણા સહિયારા પ્રયાસોથીઆઅપણે તમામ લોકો માટે વધુ સલામત શિયાળો લાવી શકીશું."

- *પૉલ વિસેન્ટ, રીજનલ કાઉન્સિલર , વૉર્ડ 1અને 5; પ્રમુખ, પબ્લિક વર્ક્સ એન્ડ એન્જિનિયરિંગ, સિટી ઓફ્ બ્રૅમ્પટન*

"અમારો સમર્પિત સ્ટાફ શહેરના વિસ્તૃત ઇન્ફ્રાસ્ટ્રક્ચરને જાળવવા માટે અવિરતપણે કામ કરે છે અને તેમાં આપણા સમાજની સલામતી, આનંદ અને સુલભતાને સુનિશ્ચિત કરવા શિયાળાના હવામાનની સ્થિતિને પ્રતિસાદ આપવાનો સમાવેશ થાય છે. આ શિયાળામાં ટીમ બ્રૅમ્પટન તૈયાર છે અને આપણા શહેરને નિર્વિઘ્ને ચાલુ રાખવા માટે પ્રતિબદ્ધ છે જેમાં શિયાળામાં આવતા પડકારો સામે રહીશોનું સારી રીતે રક્ષણ થયું હોય.

- *માર્લન કલિડીન, ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર (Marlon Kallideen, Chief Administrative Officer), સિટી ઓફ્ બ્રૅમ્પટન*

-30

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 90,000 વ્યવસાયો છે**. અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**